**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૩ ટકા ● સાંજે ૭૧ ટકા



# જેકો મોતી વર્કના પોચા અને ગળાનો સેટ ટ્રેન્ડમાં

ગાંધીનગર, તા.૨૩
નવરાત્રિ હવે નજીકમાં જ આવનાર છે ત્યારે ખેલૈયાઓ, ગરબા કલાસીસમાં પ્રેકટીસ કરતા શહેરીજનો, ડ્રેસ ડિઝાઈનરો દરેક પોતાની તૈયારીમાં વ્યસ્ત છે. નવરાત્રિમાં ન્યુ ટ્રેન્ડની ચણિયાચોળી તથા કેડિયુ સાથે ઓર્નામેન્ટસ શહેરમાં વેચાઈ રહ્યા છે ત્યારે આ વર્ષે ભારે જવેલરીની જગ્યાએ ગળામાં કાપડના સેટ એમાં પણ જેકો મોતી વર્ક હાલ ટ્રેન્ડમાં છે. સાથે હાથ અને પગના પોચા પણ આ વર્ષે જેકો મોતીવર્કના જ ઓન ડિમાન્ડ છે.

નવરાત્રિમાં યુવાનો તથા મોટાઓ ગરબો રમવાની મજા લેતા હોય છે ત્યારે ગરબા રમવાની સાથે તેઓ લાઈટ વેઈટ ટ્રેડિશનલ ડ્રેસ પસંદ કરે છે. સાથે સાથે ઓર્નામેન્ટસ પણ લાઈટવેઈટ હોય તો ગરબા રમવામાં વધુ સરળતા રહે છે. ગળામાં ઓકસોડાઈઝના સેટ સાથે હાથમાં પહેરાતા કડાનું સ્થાન ગળામાં કાપડના બુટ્ટાના સેટ અને હાથ પગમાં કાપડના પોચાએ લીધું છે. અને દર વર્ષે કચ્છી ભરત ભરેલા પોચા કે કોડી અને મોતી વાળા પોચા સાથે કલરફુલ ગળાના બુટ્ટા ખેલૈયાઓ દ્વારા પહેરાતા હોય છે. અને આ વર્ષે આમાં જ અપડેશન સાથે જેકો મોતી વર્કના હાથપગના પોચા અને ગળાનો સેટ ટ્રેન્ડમાં છે. ખેલૈયાઓને રમતી વખતે જવેલરીનો ભાર ન લાગે અને સાથે સાથે કલરફુલ જેકો મોતી વર્ક રાત્રે અલગ જ લુક આપે તે બાબતને અનુલક્ષીને આ વર્ષે શહેરના ડિઝાઈનરો દ્વારા જેકો મોતી વર્કને વધુ ધ્યાનમાં લેવામાં આવ્યું છે.

# આવતીકાલે ગાંધીનગરમાં રાજયભરના જૈન સંઘો પાંજરાપોળોને ૩ કરોડનું દાન અર્પણ કરશે

## શિક્ષણમંત્રીની ઉપસ્થિતિમાં સે-૨૨માં જૈન સંઘના યજમાનપદે રાજયની ૨૮૬ પાંજરાપોળના ૧.૬૦ લાખથી વધુ પશુઓના ઘાસચારા માટે દાન અપાશે

ગાંધીનગર, તા.૨૩
ગાંધીનગરમાં સેકટર-૨૨માં જૈન દેરાસર ખાતે જૈનાચાર્ય પૂ. ઉદયવલ્લભસૂરિ મ.સા. તથા આચાર્યસંઘ ચાતુમાર્સે પધારેલ છે. જેની નિશ્રામાં વિવિધ ધાર્મિક પ્રસંગો ઉજવાઈ રહ્યા છે. આગામી તા. ૨૫મી સપ્ટેમ્બર બુધવારે સવારે ૮.૪૫ કલાકે અત્રે રાજયના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની ઉપસ્થિતિમાં ઐતિહાસિક કાર્યક્રમ યોજાવાનો છે જેમાં રાજયભરના તથા મુંબઈના વિવિધ જૈન સંઘો રૂ. ૩ કરોડનું અનુદાન રાજયની ૨૫૦થી અધિક પાંજરાપોળોને અર્પણ કરશે.

જૈન ધર્મની ફિલસુફીમાં અબોલ પશુ-પ્રાણીઓ માટે જીવદયાનો અનોખો મહિમા વર્ણવાયેલો છે. જૈન સંઘો દ્વારા ઢોર નિભાવ માટે કાર્યરત પાંજરાપોળને દાન આપવું તે પુણ્યનું કાર્ય માનવામાં આવે છે. બુધવારે સેકટર-૨૨માં શહેરના મૂર્જિપૂજક શ્વેતાંબર જૈન સંઘના યજમાન પદે યોજાનાર કાર્યક્રમમાં મુંબઈ, અમદાવાદ, સુરત, મહેસાણા, જામનગર, ગાંધીનગર, પોરબંદર વગેરે વિસ્તારના જૈન સંઘો પોતાની જીવદયાની દાનની રકમ રાજયના શિક્ષણમંત્રીની ઉપસ્થિતિમાં જે તે પાંજરાપોળના ટ્રસ્ટીઓને અર્પણ કરશે જેની અંદાજે રકમ રૂ. ૩ કરોડ જેટલી થાય છે. રાજયની કુલ નોંધાયેલી ૨૮૬ પાંજરાપોળના ૧.૬૦ લાખથી વધુ પશુઓના નિભાવનો અંદાજિત ખર્ચ દરરોજનો રૂ. ૭૦ લાખથી વધુનો થાય છે. દર વર્ષે કરોડોની જોગવાઈ કરીને આ પાંજરાપોળો ચલાવવામાં આવી રહી છે જેમાંથી અનેક પાંજરાપોળો તો ૧૫૦થી ૨૦૦ વર્ષ જુની છે. આ પાંજરાપોળોના ૧.૬૦ લાખથી વધુ પશુઓના ઘાસચારા માટે આશરે ત્રણ કરોડ જેટલી રકમના ચેકનું એક છત્ર હેઠળ વિતરણ થશે. આ વર્ષે વરસાદ સારો થયો હોવાથી ઘાસચારો સારા પ્રમાણમાં ઉત્પાદિત થયો છે જેને ખરીદવા પાંજરાપોળોને અનુદાનની રકમ પર અવલંબિત રહેવું પડે છે અને સરેરાશ દાનનો પ્રવાહ ઘટતા પાંજરાપોળોને ટકવું મુશ્કેલ બની રહ્યું છે. રાજય સરકાર દ્વારા પાંજરાપોળોને બારમાસી ૩૦ થી ૩૫ રૂપિયા પશુદીઠ દૈનિક સબસિડી આપવામાં આવે તો રાજયની પાંજરાપોળોના પશુઓ માટે વાત્સલ્ય યોજના બની રહે તેમ છે તેવી એક લાગણી પણ પ્રવર્તી રહી છે. ગત વર્ષે ઉનાળામાં અછતગ્રસ્ત પાંજરાપોળોને સહાય રાજય સરકારે પુરી પાડી હતી હવે આ વર્ષે ગાંધીનગર જૈન સંઘ ખાતે આ પ્રકારનું આયોજન પ્રથમવાર થઈ રહ્યું છે.

# જૈન સોશ્યલ ગૃપ દ્વારા તપસ્વી બહુમાન તથા બાળકોનો ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા.૨૩
જૈન સોશિયલ ગૃપ ગાંધીનગર દ્વારા તા. ૨૨ સપ્ટેમ્બરના રોજ જૈન સમાજના તપસ્વીઓનો બહુમાન તથા ગૃપના તેજસ્વી બાળકોને સન્માનિત કરવાનો કાર્યક્રમ સે-૨૨ સ્થિત દેરાસર ખાતે યોજાયો હતો.

પૂ. આચાર્ય ભગવંત શ્રી ઉદય વલ્લભસુરિજી મ.સા.ની ઉપસ્થિતિ અને નિશ્રામાં યોજાયેલ કાર્યક્રમમાં મહારાજ સાહેબ દ્વારા 'શૌર્ય-અઢી અક્ષરનો ખેલ' વિષય પર પ્રવચન આપવામાં આવ્યું હતું તથા ચાલુ વર્ષે પર્યુષણ તેમજ સમગ્ર વર્ષ દરમિયાન જૈન પરિવારો દ્વારા વર્ષી તપથી લઈ અઠ્ઠાઈ સુધીના તપશ્ચર્યા કરેલ તમામ તપસ્વીઓની અનુમોદના કરવામાં આવી તથા આ ઉપરાંત ગૃપના કેજીથી ધો-૧૨ સુધીના તેજસ્વી બાળકોને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ મધુસુદન વોરા દ્વારા ગૃપની પ્રવૃત્તિઓ વિશે સૌને માહિતગાર કરવામાં આવ્યા હતા. જૈન સોશ્યલ ગૃપ તથા સમગ્ર જૈન સમાજના સભ્યોએ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવામાં ભરતભાઈ કોડીયા, કૌશિકભાઈ પ્રમુખ, હેમાંગ ગાંધી સાથે અન્ય કારોબારી સભ્યો, કારોબારીના તમામ હોદ્દેદારો, પૂર્વ પ્રમુખો તથા દેરાવાસી સંઘ સે-૨૨નો વિશિષ્ટ ફાળો રહ્યો હતો.




ગુજરાત રાજય રજીસ્ટ્રેશન કર્મચારી મંડળ ગુજરાત રાજય ગાંધીનગરની સામાન્ય સભા ખાસ પ્રશ્નોના નિરાકરણ માટે તેમજ અધિકારી તથા કર્મચારીને પડતી તકલીફોને દૂર કરવા માટે ગાંધીનગરના ભાટ ગામ પાસે આવેલ નારાયણી હાઈટસ ખાતે ૨૨મી સપ્ટેમ્બર ૨૦૧૯ રવિવારના રોજ જનરલ મહાસભાનું આયોજન કરાયુ હતું. જેમાં સભાના પ્રમુખ લલિતસિંહ વાઘેલા તેમજ અધિકારીઓ તથા મંડળના હોદ્દેદારોએ ઉપસ્થિત રહીને તમામ પ્રશ્નોના નિરાકરણ કરીને દૂર કરવા હૈયાધારણ આપી હતી તેમજ સદરહુ બાબતે સરકારમાં ખાસ દરખાસ્ત કરી પ્રશ્નો હલ થશે તેવી ખાત્રી આપવામાં આવી હતી.

# ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘની સામાન્ય સભાનું આયોજન

ગાંધીનગર, તા.૨૩
ભારત સ્કાઉટ ગાઈડ સંઘની ગાંધીનગર જિલ્લાની સામાન્ય સભાનુંતા. ૨૭મી સપ્ટેમ્બરના રોજ સવારે ૧૧ કલાકે સેકટર-૧૯માં પુનિતવન સામેના આઈએએસ જીમખાના ખાતે કરવામાં આવ્યુંછે. આ સામાન્ય સભા બિનરાજકીય તથા બિનસાંપ્રદાયિક હોવાનું જણાવતા જિલ્લા સ્કાઉટ ગાઈડ સંઘના ચીફ કમિશનરે અખબારી યાદીમાં જણાવ્યું છે કે આ સભામાં સ્કાઉટ ગાઈડ સંઘ પ્રવૃત્તિમાં જોડાયેલા, રસ ધરાવતા, સમાજસેવકો, દાતાઓ, શૈક્ષણિક સંકુલોના આચાર્યો, શિક્ષકો, યુવાનો વગેરેને ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ છે.

ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા જિલ્લાની પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં સ્વૈચ્છિક રીતે સ્કાઉટ પ્રવૃત્તિ ચલાવાય છે. સ્કાઉટ ગાઈડની પ્રવૃત્તિ દુનિયાના ૨૧૬ દેશોમાં ચાલી રહી છે. સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિ વિદ્યાર્થીઓના જીવન ઘડતરમાં ખૂબ ઉપયોગી બને છે જે શિસ્ત, સાહસ, ચારિત્ર્ય, ઘડતર અને સેવાભાવના સાથે વિશ્વ બંધુત્વના ગુણો ખિલવે છે અને શાળા કોલેજોની કેળવણીની ક્ષતિઓને દૂર કરી સૈનિક તરીકેની પ્રાથમિક પૂરક તાલીમ આપી અવળા માર્ગે જતા અટકાવી જીવનના કલ્યાણને માર્ગે દોરી જાય છે. ભારત સ્કાઉટ ગાઈડ સંઘની ગાંધીનગર જિલ્લાની સામાન્ય સભામાં સામેલ થવા ઈચ્છિક વ્યક્તિઓએ સંસ્થાના જિલ્લા ચીફ કમિશનર રતિલાલ જોષીનો મો.નં. ૯૮૯૮૩૫૭૯૭૯, જિલ્લા મંત્રી અંજનાબેન ચૌધરીનો મો.નં. ૯૪૨૮૫૦૮૦૦૭ અથવા જિલ્લા કમિશનર ગાઈડ દેવકુંવરબા રાઓલનો મો.નં. ૯૪૨૭૩૯૫૭૯૩ પર સંપર્ક સાધવા અખબારી યાદીમાં જણાવાયું છે.

# નશામાં ધૂત કારચાલકે આઠ વાહનોને હડફેટે લીધા

## કોબા સર્કલથી તપોવન સર્કલ સુધી ફિલ્મી દશ્યો સર્જાયા

ગાંધીનગર, તા.૨૩
ગાંધીનગર થી અમદાવાદના માર્ગ પર ગતરાત્રીના સુમારે અકસ્માતોની હારમાળા સર્જાઈ હતી. ચિક્કાર નશાની હાલતમાં એસેન્ટ કારના ચાલકે હાહાકાર મચાવ્યો હતો. આઠ વાહનોને અથડાવી ૧૫ થી વધુ નાગરીકોને ઈજા પહોંચાડી હતી. કોબા સર્કલથી તપોવન સર્કલ સુધી ફિલ્મી દશ્યો સર્જાયા હોય તેવું લાગી રહ્યું હતું. બનાવ અંગે કાર ચાલક સામે પોલીસે અકસ્માત સાથે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.







પ્રાપ્ત માહીતી મુજબ ગઈકાલ મોડી સાંજના સુમારે કોબા થી તપોવન સુધીના ત્રણ કિલોમીટરના માર્ગમાં એક એસેન્ટ કારના ચાલકે આઠ વાહનને અડફેટે લીધા હતા. જેમાં એક મહિલા પીએસઆઈનું વાહન પણ હતું. ગાંધીનગર એલસીબી પોલીસ મથકના કોન્સ્ટેબલ કેવલસિંહ કોબા સર્કલ પાસે મિત્રની કાર લઈને ઉભા હતા. ત્યારે સાંજના સમયે જી.જે. ૦૧.કે.ક્યું. ૦૧૩૭૯ નંબરની એસેન્ટ કાર પુરઝડપે શંકાસ્પદ રીતે નીકળતા કેવલસિંહે લાકડી બતાવીને કાર રોકવાનો ઈશારો કર્યો હતો. જેને પગલે નશામાં ધુત ચાલકે તેમના પર કાર ચઢાવી દેવાનો પ્રયત્ન કરતા તેઓ ખસી ગયા હતા. જેથી કાર ચાલક તેમની કારને ટક્કર મારી ભાગી ગયો હતો. કેવલસિંહે પોતાની કારમાં આરોપીની કારનો પીછો કરતા તેણે એક પછી એક બીજી ત્રણ કાર, ત્રણ રીક્ષા અને એકટીવાને અડફેટે લીધુ હતું. માર્ગ પર એસેન્ટ કાર ચાલક એક પછી એક વાહનને અડફેટે લેતા અન્ય વાહનચાલકોમાં પણ ભયનો માહોલ સર્જાયો હતો. જયારે ઈજાગ્રસ્તોને ગાંધીનગર સિવિલ સારવાર માટે તો કેટલાક ઈજાગ્રસ્તોને નજીકમાં લઈ જવાયા હતા. જયારે કાર ચાલક આરોપી પોર ગામનો ૩૦ વર્ષિય જગદીશ ઓડ હોવાનું સામે આવ્યું છે. પોલીસે પીછો કરતા તેણે વાહનોને અડફેટે લેતા તપોવન સર્કલ પાસે ઉભી રહેલી કાર સાથે અથડાતા તે કાર લઈને આગળ જઈ શક્યો ન હતો. અકસ્માતની હારમાળા સર્જનાર આરોપીને નાગરીકોએ મેથીપાક ચખાડ્યો હતો. જો કે ત્યારબાદ તેને ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયો હતો. જો કે તે નિવેદન આપી શકે તેવી સ્થિતિમાં ન હોવાથી સોમવારના રોજ પોલીસ તેની પુછપરછ કરી શકી નથી. અકસ્માતનો ગુનો નોંધી અને ઘાયલોની માહિતી એકઠી કર્યા બાદ પોલીસે આરોપીની કાર ચેક કરતા તેમાંથી એક દારૂની બોટલ મળી આવી હતી. ૭૫૦ એમએલ દારૂની બોટલમાંથી માત્ર ૧૮૦ એમએલ દારૂ મળ્યો હતો.જેથી પોલીસને શંકા છે કે બાકીનો દારૂ તે આરોપી પોતે પી ગયો હોય અને નશાની હાલતમાં અકસ્માતની હારમાળા સર્જી હોય જયારે દારૂ અંગે પોલીસ અલગથી પ્રોહિબિશનનો કેસ દાખલ કર્યો છે.

# સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે એનએસએસનો પ્લસ-ટુ કક્ષાનો ત્રિદિવસીય વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૨૩
ગાંધીનગરના સેકટર-૧૫ ખાતેની સરકારી વિજ્ઞાન કોલેજના એનએસએસ યુનિટના યજમાનપદે પ્લસ ટુ લેવલ પ્રોગ્રામ ઓફિસર વર્કશોપનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. ત્રિદિવસીય આ વર્કશોપ રાજયના સ્ટેટ એનએસએસ સેલ, ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી, એનએસએસ રિજિયોનલ ડાયરેકટર તથા સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે કરવામાં આવ્યું હતું.





રાષ્ટ્રીય સેવા યોજનાના પ્લસ-ટુ કક્ષાના પ્રોગ્રામ ઓફિસર વર્કશોપમાં સીએચઈ કમિશનર એલ.પી. પાડલિયા મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહ્યા હતા. વર્કશોપની સાથે એનએસએસ યુનિટ દ્વારા રકતદાન શિબિર પણ યોજવામાં આવી હતી. વર્કશોપના પહેલા સેશનમાં અમદાવાદના વિવેકાનંદ સેન્ટરના હેડ ડૉ. કમલેશ ઉપાધ્યાયે 'એનએસએસ અને નેતૃત્વ' વિષયે, બીજા સેશનમાં ગીર ફાઉન્ડેશનના ડેપ્યુટિ ડાયરેકટર ડી.સી. મહેતાએ 'ઓઝોન સ્તરમાં ઘટાડો અને એનએસએસ દ્વારા બચાવ માટે જન જાગૃતિ' વિષયે માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. સેશન-૩માં ગુજરાત યુનિ.ના એનએસએસ કો ઓર્ડિનેટર ડૉ. નટુભાઈ વર્માએ રાષ્ટ્રીય સેવા યોજનાના ઉદ્દેશો અને લક્ષ્યાંકો અંગે વકતવ્ય આપ્યું હતું. સેશન-૪માં કામધેનુ યુનિ.ના એનએસએસ કો ઓર્ડિનેટર ડૉ. ભવિક પટેલે સ્પેશિયલ કેમ્પ પ્લાનિંગ અંગે અને સેશન-૫માં એનએસએસ કો ઓર્ડિનેટર રાજુભાઈએ પ્લાસ્ટિક મેનેજમેન્ટ અને વૉટર હાર્વેસ્ટિંગ અંગે માહિતી આપી હતી. સેશન-૬માં ગુજરાત વિદ્યાપીઠના ગ્રામશિલ્પી ટ્રેઈનર ડૉ. પ્રવિણ દુલેરાએ મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિ અને એનએસએસના ૫૦મી ઈમ્પિલમેન્ટેશન એકિટવીટી અંગે તથા સેશન ૭ અને ૮માં યુનિસેફ કન્સલટન્ટ મીનાબેન છેડા દ્વારા 'ચાઈલ્ડ સોશ્યલ રાઈટ' વિષયે માર્ગદર્શન પુરું પાડયું હતું. સેશન-૯માં ગૂજરાત વિદ્યાપીઠ સાદરાના એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડૉ. નિરજ સિલાવટે 'ફીટ ઈન્ડિયા મુવમેન્ટ' તથા સેશન-૧૦માં ગાંધીનગરની સરકારી વિજ્ઞાન કોલેજના ડૉ. દીપેન ગાંધી અને ડૉ. ધર્મેશ અર્ધુર્યએ યંગ ઈન્ડિયા પોર્ટલ અંગે તાલીમ આપી હતી. આ સાથે યોગ અને ધ્યાન શિબિર પણ યોજવામાં આવી હતી. સેશન-૧૧માં સરકારી વિજ્ઞાન કોલેજના પ્રોગ્રામ ઓફિસર ડૉ. ઉમેશ તરપદાએ પીએફએમએસ તાલીમ આપી હતી જયારે સેશન-૧૨માં સીએચઈ કમિશનર એલ.પી. પાડલિયાએ 'ઈલેકશન અવેરનેસ' વિષયે માર્ગદર્શન આપ્યું હતું. સેશન-૧૩માં કેન્દ્ર સરકારના જયેશ પાંડે અને સેશન-૧૪માં વડોદરાની એન્જિનીયરીંગ સેવા ટ્રસ્ટના હરેન્દ્ર પાઠકે વોટર હાર્વેસ્ટિંગ તથા નિસર્ગ સાયન્સ સેન્ટરના ડિરેકટર ડૉ. અનિલ પટેલે અને જીપીસીબીના નિવૃત્ત સરકારી ડૉ. નરેશ દવેએ સોલાર એનર્જી અને એલઈડી પ્રોજેકટ અંગે માહિતી આપી નિદર્શન કર્યું હતું. કેએસવીના એનએસએસ કો ઓર્ડિનેટર ડૉ. રણછોડ રથવીએ આરોગ્ય જાગૃતિ અંગે માર્ગદર્શન આપ્યા બાદ સીએચઈના એડિશનલ કમિશનર નારાયણ મધુની ઉપસ્થિતિમાં સમાપન સમારોહ યોજાયો હતો.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**

- ડ્રીમગર્લ
૧૦.૩૦, ૧.૨૦, ૪.૧૦, ૭.૦૦, ૯.૫૦
- છીછોરે
૯.૪૦, ૧૨.૪૫, ૩.૫૦, ૬.૫૫, ૧૦.૦૦
- ધ ઝોયા ફેકટર
૧.૩૦, ૭.૨૦
- રેમ્બો : લાસ્ટ બ્લડ
૧૨.૧૦, ૮.૫૦
- પલ પલ દિલ કે પાસ
૯.૦૦, ૨.૩૦, ૫.૪૦, ૧૧.૧૦
- પ્રસ્થાનમ્
૧૦.૩૦, ૪.૨૦, ૧૦.૧૫

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧**

- ડ્રીમગર્લ
૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૫.૧૫, ૮.૦૦
- પ્રસ્થાનમ્
૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૧૫
- ધ ઝોયા ફેકટર
૧.૪૦, ૪.૩૦, ૭.૨૦, ૧૦.૧૦
- પલ પલ દિલ કે પાસ
૯.૪૫, ૧૨.૫૦, ૭.૨૫, ૧૦.૩૦
- છીછોરે
૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
- સાહો
૩.૫૫
- ચાસણી (ગુજરાતી)
૧.૦૦

## એમ.એમ. પટેલ સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓની ઔદ્યોગિક મુલાકાત

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત એમ.એમ. પટેલ સાયન્સ એન્ડ રીસર્ચના બીએસસી તથા એમએસસી આઈટીના સેમિસ્ટર-૩ના વિદ્યાર્થીઓએ ઈન્ડસ્ટ્રીઝના ટ્રેન્ડસ તથા તેમાં આવતા કૌશલ્ય વિકાસને ધ્યાનમાં રાખીને સે-૨૫માં જીઆઈડીસી ઈલેકટ્રોનિકસ ઝોનમાં ડેઝલ રોબોટીક કંપનીની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ ડેઝલ રોબોટીક દ્વારા ભારતમાં કામ કરતી ઓટોમેશન એન્ડ મોશન કન્ટ્રોલ પ્રોડકટસ, આર.એફ. કોમ્યુનિકેશન, ઈન્ડસ્ટ્રી એજયુકેશન રોબોટીકસ તથા અન્ય ઉત્પાદનો અંગે માહિતી પ્રાપ્ત કરી હતી. આ મુલાકાત દરમિયાન કંપની દ્વારા રસ ધરાવતા વિદ્યાર્થીઓને કંપનીમાં ઈન્ટર્નશીપ અને જોબની ઓફર પણ કરતા વિદ્યાર્થીઓ માટે મુલાકાત ફળદાયી નિવડી હતી.

## સે-૫-સી નવરાત્રી મહોત્સવ સમિતિના હોદ્દેદારો નિમાયા

આગામી નવરાત્રી મહોત્સવ ૨૦૧૯ની ઉજવણી સંદર્ભે ગુરુવારના રોજ મળેલી મિટીંગમાં સે-૫-સી ખાતે નવરાત્રી મહોત્સવ સમિતિના હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે કમલેશસિંહ વી. ગોલ, મંત્રી તરીકે ભરતસિંહ સી. ગોલ, ઉપપ્રમુખ વાસુદેવભાઈ એસ. સુથાર, ખજાનચી સમરથદાન ગઢવી તથા ઓડિટર તરીકે અરૂણભાઈ ત્રિવેદી સાથે અન્ય કારોબારી સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

## આજે ગાંધીનગરમાં

● દત્ત મંદિર સે-૨૮ ખાતે શ્રીમદ ભાગવત કથામાં બપોરે ૩ થી ૬ દરમિયાન કથામાં કૃષ્ણ જન્મોત્સવ ઉજવાશે.

## ચિરવિદાય

- સ્વ. મણીબેન ગોવિંદભાઈ મકવાણા, ઉ.વ. ૫૯
- સ્વ. નટવરલાલ સોમચંદ મોદી, ઉ.વ. ૮૪
- સ્વ. સોલંકી બાબુજી શિવાજી, ઉ.વ. ૮૩
- સ્વ. દાતણીયા વિઠ્ઠલભાઈ જીવાભાઈ, ઉ.વ. ૭૭
- સ્વ. પરમાર અરવિંદ રમણભાઈ, ઉ.વ. ૩૫